જો તમે આળશના પંથે છો
તો જરૂર નર્ક સુધી પહોંચી જશો
- બિસર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯ | ૨૦ માર્ચ, ૨૦૧૩, બુધવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લાની છ શાળાઓમાં ઈ-લર્નીંગનો નવતર અભિગમ

ગાંધીનગર જી.આઈ.ડી.સી.ની એરોકોમ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઈ.પથ સોફ્ટવેરથી આ ઈ-લર્નિંગ પ્રોજેક્ટ અમલી બન્યો :સેક્ટર-૬ પ્રાથમિક શાળા, કલોલ શહેરની પ્રાથમિક શાળા નં. ૯, વાસણા રાઠોડ, બોરુ, વાસણા અને ટીંટોડા પ્રાથમિક શાળામાં સ્માર્ટ ક્લાસ એજ્યુકેશન શિક્ષણનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની છ પ્રાથમિક શાળાઓમાં ગાંધીનગર જી.આઈ.ડી.સી.માં આવેલ એરોકોમ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ઈ. લર્નિંગ અભિગમ અંતર્ગત સ્માર્ટ ક્લાસ બનાવી શિક્ષણ આપવાનો નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરની સે. ૬ની પ્રા. શાળા, કલોલ શહેરની પ્રા. શાળા નં. ૯, દહેગામ તાલુકાની વાસણા રાઠોડ ગામની પ્રાથમિક શાળા, માણસા તાલુકાની બોરૂ ગામની પ્રા. શાળા, ગાંધીનગર તાલુકાની વાસણા પ્રા. શાળા અને ટીંટોડા પ્રા. શાળામાં આ નવતર અભિગમ સાથે સ્માર્ટ ક્લાસ એજ્યુકેશનનું શિક્ષણ આરંભાઈ ચુક્યુ છે.

જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીના જણાવ્યાનુસાર આ કંપનીએ બતાવેલી તૈયારી અને વિદ્યાર્થીઓમાં ઈ. લર્નિંગ માટેની ધગશ અતિ પ્રોત્સાહકજનક રહી છે અને શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાનને આનાથી મોટો ફાયદો થયો છે. આગામી દિવસોમાં જિલ્લાની અન્ય શાળાઓમાં પણ આ પ્રોજેક્ટ અમલી બનાવવા માટેનું આયોજન થઈ રહ્યું છે.

એરોકોમ ઈન્ડસ્ટ્રીઝના પૂનમ મેડમે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમે સ્માર્ટ ક્લાસ એજ્યુકેશન ગાંધીનગર જિલ્લાની આ છ પ્રા. શાળા ઉપરાંત ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં પણ કામગીરી કરી રહ્યા છીએ.

ઈ-પથ નામના સોફ્ટવેરની મદદથી અમે બાળકોને આ શિક્ષણ માટે વેબની સુવિધા આપીએ છીએ. છ એ પ્રા. શાળામાં આ સ્માર્ટ ક્લાસમાં શિક્ષણ અમારા શિક્ષકો દ્વારા આપવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણમાં આ નવતર અભિગમ જરૂર છે પણ બાળકો દ્વારા તે શીખવા માટેની ધગશ અમને વધુને વધુ પ્રોત્સાહિત કરી રહી છે.

તેમણે જણાવ્યું હતુ કે તેમની કંપનીએ ધો. ૧ થી ૧૦ના તમામ વર્ગો માટે આ સોફ્ટવેરમાં અભ્યાસક્રમ તૈયાર કરેલ છે. તેમણે જણાવ્યું હતું કે જોકે અમારૂ પ્રથમ લક્ષ્ય ખાસ કરીને અપર પ્રાયમરીના બાળકોને આવરી લેવાનું છે. અમે એક વર્ગને એક દિવસ માટે સ્માર્ટક્લાસ બનાવી શિક્ષણ બધા જ વિષયોને લઈ આપીએ છીએ. બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યાનો એકરાર કરતાં તેમણે જણાવ્યું હતું કે આગામી વર્ષે અમે વધુ સ્કુલોને આ સ્માર્ટક્લાસ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેશુ. હવે શૈક્ષણિક તંત્ર તેના અંતિમ તબક્કામાં છે એટલે અત્યારે અમે છ શાળાઓ પસંદ કરી છે. જો કે અન્ય શાળાઓ સાથે પણ અણે સંપર્કમાં છીએ જ.

ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળાઓ દત્તક આપવાના નિર્ણય બાદ હવે સ્માર્ટક્લાસના પ્રયોગાત્મક શિક્ષણ દ્વારા ઈ-લર્નિંગ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવતાં શિક્ષણતંત્રમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

ગુણોત્સવના પગલે પ્રા. શાળાઓમાં પરીક્ષાઓ એક સપ્તાહ પાછી ઠેલાઈ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવ-૨૦૧૩ યોજવાના અપાયેલા નિર્દેશોને પગલે પ્રા. શાળાઓમાં વાર્ષિક પરીક્ષા એક સપ્તાહ પાછી ધકેલવામાં આવી છે.

જિલ્લાની પ્રા. શાળાઓમાં અગાઉ ૧૨મી એપ્રિલથી પરીક્ષાઓ શરૂ થનાર હતી હવે સરકારના શિક્ષણ વિભાગે નિર્દેશો આપતાં શિક્ષણમંત્રીએ તેમાં ફેરફાર કરી ૧૬મી એપ્રિલથી આ પરીક્ષાઓ હાથ ધરવામાં આવશે તેવો નિર્ણય લીધો છે.

જિલ્લા તંત્ર દ્વારા ૧૨મીથી પરીક્ષાઓ યોજવા માટેનું સમયપત્રક જારી કરી દેવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સમય-પત્રકમાં પણ તારીખોનો જ બદલાવ કરવામાં આવ્યો છે. બાકી પરીક્ષાઓનું સમય-પત્રક યથાવત રહેશે.

રાજ્ય સરકારે એપ્રિલના પ્રથમ સપ્તાહના અંતમાં અને બીજા સપ્તાહના આરંભમાં ગુણોત્સવ-૨૦૧૩નું આયોજન કરવાનું વિચાર્યું છે અને આ અંગેના સંકેતો તંત્રને આપતાં છેલ્લી ઘડીએ આ ફેરપારો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ ગુણોત્સવ-૨૦૧૩ના આયોજનને લઈ પ્રિ-ગુણોત્સવ ચાલી રહ્યો છે અને આજ સુધીમાં ૧૦૦ જેટલી શાળાઓમાં તેની કામગીરી સંપન્ન પણ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

ઉનાળાનું આગમન : ઉનાળાનું આગમન થતાં પંખા, એસી, એરકુલર અને ફ્રીઝની જાહેરાતો ટી.વી. અને અખબારોમાં મોટી જગ્યા રોકે છે. પરંતુ જાહેરાત વિના જાહેર માર્ગો ઉપર ગરીબોનો ફ્રીઝ સમા માટલા ચારે તરફ જામી ગયા છે. રસ્તા જતા-આવતા આંખ ઠરી જાય એવા રંગરૂપના માટલા ઉનાળામાં પાણીથી ટાઢક આપે છે. (તસવીર : દિપક જાની)

સે. ૧ ઉમાંથી વધુ એક સ્વાઈન ફ્લુ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ એક સ્વાઈન ફ્લુ પોઝીટીવ કેસ મળી આવ્યો છે. આ સાથે ગાંધીનગરમાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૨૨ થઈ છે.

સે. ૧ ઉમાંથી મળી આવેલ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારોમાંથી જે રીતે છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેને લઈ આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થયો છે. દર્દી મળતાં કરાતા સર્વેલન્સ દરમ્યાન સામાન્યતઃ તાવની બિમારીના કેસો પણ મળતા નથી અને એકાએક જ દર્દીઓ પોઝીટીવ કેસના મળી રહ્યા હોવાથી તંત્રની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાંથી ગઈકાલે સે. ૨૨માંથી બે કેસ મળ્યા બાદ આજે સે. ૧ ઉમાંથી નવો કેસ મળી આવેલ છે. ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવ ધરાવતા દર્દીઓની સંખ્યા પણ છ જેટલી થવા પામી છે.

દરમ્યાન લોક-જાગૃતિ અભિયાન છેડવાના ભાગરૂપે આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે આશા કાર્યકરોના એક ખાસ તાલિમવર્ગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ઉનાળુ સિઝનમાં થતા રોગો અંગેની સાવચેની માટેની ખાસ તાલિમ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ચ-૩ પાસે એકાએક એસ.ટી. બસ સળગી ઉઠી

એન્જીનમાંથી નીકળતા ધુમાડા જોઈને સમય સુચકતા દાખવીને ડ્રાઈવરે મુસાફરોને ઉતારી દેતા ૩૫ મુસાફરોનો આબાદ બચાવ : જીવ બચાવવા કેટલાક મુસાફરો બારીમાંથી કુદી પડ્યા : સદ્‌ભાગ્યે કોઈ જ જાનહાની નહી

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદથી અક્ષરધામ તરફ આવી રહેલી મુસાફરો ભરેલી એસ.ટી. બસમાં એન્જીનમાંથી એકાએક ધુમાડા નીકળીને આગ ભભુકી ઉઠતા ચ-૩ સર્કલ પાસે નાસભાગ મચી જવા પામી હતી. બસમાં લાગેલી આગને પગલે મુસાફરો જીવ બચાવવા બારીમાંથી કુદી પડ્યા હતા. તો કેટલાક મુસાફરો આગળના દરવાજેથી ધક્કામુક્કી કરીને ભાગ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતા બે વોટર બ્રાઉઝર સાથે કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો. અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આગ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાનિ થવા પામી નથી. ડ્રાઈવર તેની ટીકીટ પેટી લેવા જતા હાથે સામાન્ય દાઝી ગયા હતા. એન્જીનમાં ઓવર હોટીંગથી આગ લાગી હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ આજે સવારના સુમારે અમદાવાદથી ગાંધીનગર અક્ષરધામ તરફના રૂટની એસ.ટી. બસ નં. જીજે-૧૮-વાય-૩૩૭ ચ-રોડ પરથી પસાર થઈ રહી હતી. દરમ્યાન ચ-૨ થી ચ-૩ માર્ગ પરથી પસાર થતી વેળાએ બસના એન્જીનમાંથી સામાન્ય ધુમાડા નીકળવાના શરૂ થઈ ગયા હતા. પેસેન્જર્સ ચ-૩ બસ સ્ટેન્ડે ઉતર્યા ત્યારે ડ્રાઈવરે ધુમાડા કેમ નીકળે છે અને ક્યાંથી નીકળે છે તે ચેક કરવા એન્જીન તરફ નજર નાંખી તો ધુમાડા વધુ નીકળવા લાગતા તાત્કાલિક સમય સુચકતા દાખવીને ડ્રાઈવર આર.એ. સૈયદે તમામ ૩૫ જેટલા મુસાફરોને બસમાંથી જલ્દી ઉતરી જવા બુમાબુમ કરી મુકી હતી. કેટલાક મુસાફરો જીવ બચાવવા બારીમાંથી કુદી પડ્યા હતા અને કેટલાક ધક્કામુક્કી કરીને દરવાજેથી ઉતરી ગયા હતા. જેવા મુસાફરો બસમાંથી ઉતર્યા કે તરત જ ગણતરીની મિનિટોમાં જ બસમાં આગ ભભુકી ઉઠી હતી. આસપાસથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ તથા ચ-૩ પોઈન્ટ પર ઉભેલા પોલીસ અને હોમગાર્ડ જવાનો તાત્કાલિક બચાવ કામગીરી માટે સ્થળ પર આવી પહોંચ્યા હતા. પળવારમાં બસમાં લાગેલી આગના ગોટેગોટા આકાશમાં ઉડવા લાગ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે બે વોટર બ્રાઉઝર સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આ દુર્ઘટનામાં સદ્‌ભાગ્યે કોઈ જ જાનહાનિ કે કોઈને ઈજાઓ તવા પામી ન હતી. પરંતુ એસ.ટી. બસ બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાથમિક તપાસમાં બસમાં આગ લાગવા પાછળનું એન્જીનમાં ઓવરહીટીંગ થવાથી થયુ હોવાનું બહાર આવ્યું છે. આગ દુર્ઘટનામાં બસમાં પડેલી ટીકીટ પેટી લેવા ગયેલા ડ્રાઈવર બન્ને હાથે સામાન્ય દાઝી ગયા હતા.

બેસણું

અમારા માતૃશ્રી **દિવાળીબેન રાજેન્દ્રપ્રસાદ રાવલ**નું તા. ૧૭-૦૩-૨૦૧૩ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું **બેસણું તા. ૨૧-૦૩-૨૦૧૩**ને **ગુરુવાર**ના રોજ **સવારે ૮.૦૦થી ૧૧-૦૦** દરમિયાન રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૧૨, સેક્ટર-૮/બી, ગાંધીનગર

શિતલ રાવલ
તન્વી રાવલ
(વી.)
હેમંત આર. રાવલ
મુંજાલ આર. રાવલ
નિલેશ આર. રાવલ

સ્વ. રાજેન્દ્રપ્રસાદ હરીલાલ રાવલ

જેના હજારો વિદ્યાર્થીઓ ડોક્ટર, એન્જિનીયર, લેટ હોસ્ટેલ, બી.બા.એસ.સી., કેપ્ટુરી કલેક્ટર કે સ્પર્ધા ગુજરાત રાજ્યના મંત્રી શ્રી પણ જેની મુલાકાત લે તેવા, ૧૬ વર્ષથી ૩૬૫ દિવસ Spoken English ની ટ્રેનીંગ આપતા મનિલ્સ્ટ્રીટ્યુટમાં જોડાવા ડકકકાર કરેલ્યુ બોલતાં શીખો.

સવારે ૮ તથા સાંજે ૫ વાગ્યાની બેચીસ - સે.૬ ખાતે
સવારે ૬.૩૦ તથા ૧૧ વાગ્યાની બેચીસ - સે.૧૬ ખાતે
કર્મચારીઓ, વ્યક્તિઓ માટે સાંજે ૮ થી ૬.૩૦- સે.૧૬ ખાતે

નાણાવટી
The Leader...
H.O. : પહેલો માળ, હોટલ 'સે-૮'ની પાછળ, સેક્ટર-૧૬, ફોન નં. ૧૩૨ ૧૧૧૨
બ્રાન્ચ: સે.૬ (સે.૬ના સેક્ટરીયન માર્ગ નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સે.૬ ખાતે પૂછપરછ કરી શકાશે.)
(સાંજે ૮૩૦ ઓફિસ સમય: સવારે ૮ થી ૧, સાંજે ૫ થી ૮)
મો.નં. ૦૩૬૫૧ ૬૦૮૩૮

તાલુકા પંચાયતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા

ભાજપના પ્રમુખપદે કાળુજી રાઠોડ અને ઉપપ્રમુખ પદે સરોજબેન પટેલ વિજયી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પક્ષે આજે વિધિવત્ રીતે સત્તાના સૂત્રો સંભાળી લીધા છે.

તાલુકા પંચાયતની તાજેતરમાં સંપન્ન થયેલ ચૂંટણીઓમાં ગાંધીનગર તા.પં.માં સ્પષ્ટ બહુમતિ સાથે વિજયી થયેલ ભારતીય જનતા પક્ષના પ્રમુખ પદના ઉમેદવાર શ્રી કાળુજી એસ. રાઠોડ અને ઉપપ્રમુખ પદે સરોજબેન એન. પટેલને આજે પ્રથમ બેઠકમાં વિજેતા જાહેર કરાયા હતા.

મામલતદાર શ્રી આર.પી.ભાટીના અધ્યક્ષપદે મળેલ આજની તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આજે યોજાયેલ આ ચૂંટણીમાં તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ માટેના જંગમાં ભાજપના ઉમેદવારોની તરફેણમાં ૧૮ મત અને કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં ૧૨ મત પડ્યા હતા.

અપક્ષ ઉમેદવાર તરીકે વિજેતા બનેલા ઉમેદવારે આજની ચૂંટણીમાં ભાજપની તરફેણમાં મતદાન કર્યુ હતું.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકોમાંથી ૧૮ બેઠકો પર ભાજપ, ૧૨ બેઠકો પર કોંગ્રેસ અને એક બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો જે ઉલ્લેખનીય છે.

ભાડે આપવાની છે બેંક લાયક જગ્યા
ગુજરાત નગરપાલિકા પરિષદ બાબુભાઈ ગી. પટેલ નગરપાલિકા ભવન, કલેક્ટર કચેરી અને ન્યાય મંદિર પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૯૮૭૯૨૧૧૯૧૮
ફોન : (ઓ) ૨૩૨૨૦૨૯૦

IITeasy
CRASH COURSE FOR JEE-MAIN'2013